# આપણે કરેલા ખરાબ કૃત્યો દેવ સમક્ષ કબૂલ કરીએ

**યોહાન બાપ્તિસ્મા કરનારની સેવા.**



બાળકોની ઉંમર અને જરૂરિયાત મુજબની પ્રવૃત્તિઓ પસંદ કરો.



**પ્રાર્થના :** વહાલા પ્રભુ, દરેક બાળક ને પોતાના પાપ તમારી આગળ કબૂલ કરવામાં સહાય કરો જેથી તમે તેમની પાપની જંજીરોને તોડી શકો અને તેમને શરમ અને કુટેવોમાંથી છૂટકારો આપી શકો. દરેક છોકરા અને છોકરીના અંતરાત્માને શુદ્ધ કરો. અમારી પ્રાર્થના સાંભળો, અમને ક્ષમા આપો અને અમારા હૃદયોમાં તમારી શાંતિ આવવા દો.

એક મોટો બાળક કે સભાજન યોહાન બાપ્તિસ્મા કરનારની વાર્તા કહે કે કેવી રીતે તે લોકોને પોતાના પાપ દેવ સમક્ષ કબૂલ કરવામાં અને પાપોની માફી પામવામાં સહાય કરતો હતો. શીખવવા માટેની તૈયારીમાં **માત્થી ૩:૧-૧૨** અને લુક ૩:૧૦-૧૮ વાંચો વાર્તા કહી રહ્યા પછી આ પ્રશ્નો બાળકોને પૂછો.

- યોહાન બાપ્તિસ્મા કરનાર લોકોને ક્યાં શિક્ષણ આપતો હતો ? ( માત્થી ૩:૧)
- યોહાને લોકોને શું કરવાનું કહ્યું ? (૩:૧)
- લોકો પોતાનો પસ્તાવો દર્શાવવા કઈ બે બાબતો કરતા હતા ? (૩ :૬)
- પસ્તાવાનો અર્થ શો ? (આપણા પાપથી ફરવું અને દેવને આધિન થવું )
- જેઓ પોતે ખૂબ સારા હોવાથી તેમને પસ્તાવાની જરૂર નતી એવું માનનારાઓને યોહાને કેવા કહ્યા ? (માત્થી ૩ :૭-૧૧ તેણે તેમને સર્પો કહ્યા અને તેમને બાપ્તિસ્મા આપવાનો ઈન્કાર કર્યો તેમજ આવનાર કોપ( ન્યાય) વિષે તેમને ચેતવણી આપી.)
- યોહાને જ્યારે કહ્યું, ''મારી પાછળ જે આવે છે તે મારા કરતાં સમર્થ છે.' તે કોના વિષે કહ્યું ? (ઈસુ વિષે)
- ઈસુ શું શું કરશે તે વિષે યોહાને શું કહ્યું ? (માત્થી ૩ :૧૧-૧૨ જેઓ પવિત્ર આત્મા વડે પસ્તાવો કરશે તેમને ઈસુ બાપ્તિસ્મા આપશે જ્યારે બીજાઓ ઉપર ન્યાય અને શિક્ષા આવશે.)
- પસ્તાવાના ચિન્હ તરીકે લોકોને શું કરવાનું યોહાને કહ્યું (લુક ૩ :૧૦-૧૧)
- લોભી દાણીઓને બાપ્તિસ્મા આપ્યા પછી તેમને શું કરવાનું યોહાને કહ્યું ? (લુક. ૩ :૧૨-૧૩)
- યોહાને સૈનિકોને શું કહ્યું ? (લુક ૩ :૧૪)

પોતાના પાપ કબૂલ કરતા લોકોની વાર્તાનું **નાટક બનાવો.**

- ભજનસેવાના આગેવાન પાસે આ નાટક સભામાં રજુ કરવાની મંજુરી લો.
- તમારા શિક્ષણ સમયે બાળકો સાથે નાટકની તૈયારી કરો.
- મોટા બાળકો નાના બાળકોની સહાય કરે.
- **મોટા બાળકો** અથવા સભાજનો યોહાન, **ફરોશી, ઉદ્‌ઘોષક** અને **છોકરીના** પાત્રો ભજવે.
- **નાના બાળકો દાણી, સૈનિકો** અને **યહુદાના લોકો**ના પાત્રો ભજવે.

નાટક આ પ્રમાણે કરવું :

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો પ્રથમ ભાગ માત્થી ૩ :૧-૧૨ પરથી બોલે અથવા વાંચે. પછી કહે, ''સાંભળો, યરુશાલેમની પશ્ચાતાપી છોકરી શું કહે છે. ''

**છોકરી** : અમે યરુશાલેમ અને યહુદામાં રહેનારાઓએ ઘણા ખરાબ કામો કર્યો છે. પણ અમારામાના ઘણા સુધરવા અને દેવને આધિન થવા માંગે છે. હું મારા પાપ કબૂલ કરું છું.

**યોહાન** : દેવે તને ક્ષમા આપી છે. આવ અને બાપ્તિસ્મા લે.

**ફરોશી** : (ઘમંડથી બોલે) અમે ફરોશીઓ ધાર્મિક આગેવાનો છીએ અને સારુ જીવન જીવીએ છીએ. અમે સારા કામ કરીને દેવની કૃપા મેળવી છે માટે અમે બાપ્તિસ્મા લઈશું.

**યોહાન** : ઓ સર્પોના વંશજો, આવનાર કોપથી ફરવાને તમને કોણે ચેતવ્યા ? માટે જાઓ અને પસ્તાવો કરનારાને શોભે તેવા ફળ દેખાડો.

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો બીજો ભાગ લુક ૩ :૧૦-૧૮ ઉપરથી કહે, પછી બોલે, "સાંભળો લોભી દાણી શું કહે છે."

**દાણી** : અમે સ્વાર્થી અને ખરાબ કામો કર્યા છે. અમારે શું કરવું જોઈએ ?

**યોહાન** : તમને હુકમ હોય તે કરતા વધારે પૈસા વસૂલ ન કરો. તમે તમારા પાપ કબૂલ કર્યા છે. દેવે તમને માફ કર્યા છે.આવો, બાપ્તિસ્મા લો.

**સૈનિક** : અમારું સૈનિકોનું શું ? અમે શું કરીએ ? અમે પણ ખરાબ પાપો કર્યા છે.

**યોહાન** : કોઈની પાસેથી બળજબરીથી પૈસા ન લો, કોઈની ઉપર ખોટું તહોમત ન મૂકો અને તમારા પગારથી સંતોષી રહો તમે તમારા પાપ કબૂલ કર્યા છે, આવો અને બાપ્તિસ્મા પામો.



**ઉદ્‌ઘોષક** : નાટકમાં ભાગ લેનાર સર્વનો આભાર માને.

બાળકોએ આ નાટક સભામાં રજુ કર્યું હોય તો તેમને ઉપર આપેલ પ્રશ્નો પૂછવા દો.

બાળકો પાસે સળગતા અગ્નિનું **ચિત્ર દોરાવો.** ભજનસેવા વખતે આ ચિત્રો બતાવવા. તેઓ સમજાવે કે જ્યારે ખ્રિસ્ત મૂએલામાંથી સજીવન કરશે ત્યારે તે ફસલ સમાન હશે.

- વિશ્વાસીઓ ખ્રિસ્ત સાથે સદા રહેશે.
- જેઓ ઈસુનો નકાર કરશે તેમને દેવ જુદા પાડશે - જે પ્રમાણે ખેડૂત અનાજમાંથી ભૂંસુ અલગ કરે છે તેમ - અને તેમને નાશમાં મોકલશે.



બાળકો **ગી. શા. ૫૧**માંથી આ વચનો બોલે.

૨: મારા અન્યાયથી મને પૂરો ધો અને મારા પાપથી મને શુદ્ધ કર.

૩: કેમ કે મારા ઉલ્લંઘન હું જાણું છું અને મારું પાપ નિત્ય મારી આગળ છે.

૪: તારી, હા તારી જ વિરુદ્ધ મેં પાપ કર્યું છે, અને જે તારી દૃષ્ટિમાં ભૂંડું છે તે મેં કર્યું છે;

૫: હું અન્યાયીપણામાં જન્મ્યો, અને મારી માએ પાપમાં મારો ગર્ભ ધર્યો હતો.

૭: ઝુફાથી મને ધો જે એટલું હું શુદ્ધ થઈશ. મને નવડાવ, તો હું હિમ કરતાં ધોળો થઈશ.

૧૦: હે દેવ, મારામાં શુદ્ધ હૃદય ઉત્પન્ન કર, અને મારા આત્માને નવો અને દૃઢ કર.

આપણા પાપ કબૂલ કરવા અને પાપની માફી પામવા ઉપર **ગીત** મોટા બાળકો બનાવે.

ગી.શા. ૫૧ :૧૦ **મુખપાઠ કરો.**

Copyright © 2004 by Paul- Timothy. May be freely copied.
Download from www. Paul-Timonthy.net